# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા જય જવાન જય કિસાન સપ્તાહ અંતર્ગત કૃષિ ગોષ્ઠી યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ જય જવાન જય કિસાન સપ્તાહની ઉજવણી અંતર્ગત ઉત્તમ ખેતી ઉન્નત કિસાન વિષય ઉપર તારાપુર ખાતે કૃષિ ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડો. એસ. કે. રાવલ, પ્રાધ્યાપક અને વડા, મેડીસીન વિભાગ, વેટરનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી, આણંદ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડો. એ. સી. વૈદ્ય એ કાર્યક્રમમાં હાજર સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ જય જવાન જય વિજ્ઞાન સપ્તાહ ઉજવણીની અગત્યતા સમજાવી હતી. તેઓએ ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવાથી થતા ફાયદાઓની સમજ આપી હતી. ડો. એસ. કે. રાવલ દ્વારા પશુઓમાં જોવા મળતા મુખ્ય રોગો જેવા કે, ચેપી ગર્ભપાત (બૃસોલીસીસ), આઉનો સોજો (મસ્ટાઇટીસ), ઇતરડી અને કૃમિ નિયંત્રણ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ ડો. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા ઘઉં પાકમાં પિયત અને નીંદણ વ્યવસ્થાપન તથા સંકલિત પોષણ વ્યવસ્થા વિષે ચર્ચા કરવામાં આવેલ. કાર્યક્રમને અંતે હાજર રહેલ સૌએ સ્વચ્છતા શપથ લીધા હતા.

આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (મત્સ્ય વિજ્ઞાન) દ્વારા કરવામાં આવેલ તેમજ આ કાર્યક્રમમાં ૭૫ કરતા પણ વધુ ખેડૂત ભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.




